શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૨ • તા. ૧૩ ડિસેમ્બર થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા
## શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મોટું વિચારો અને એને સાકાર કરો

શારીરિક રીતે બીજા અનેક પ્રાણીઓની તુલનામાં આપણે કમજોર હોવા છતાં આજે માનવજાતિ દુનિયાની સૌથી સબળ અને બુધ્ધિશાળી જાતિ ગણાય છે. આ માટે માનવની વિચાર કરવાની શક્તિ અને વિચારોને અમલમાં લાવવાની તેની પ્રતિભાને લીધે છે. માનવી જેટલું મોટું વિચારે એટલો મોટી રીતે તેનો આવિષ્કાર કરી તેનો અમલ થાય એ માટે પ્રયત્નશીલ રહે તો કેટકેટલી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. જેટલી મોટી વિચારોની શક્તિ એટલી મોટી ઉપલબ્ધિઓ મળી શકે. પણ એ વિચારોને બળ આપવા સતત મહેનત, અસીમ પરિશ્રમ અને સખત કાર્ય કરવું પડે છે.

કેટલાકના શરીરમાં આળસ અને મગજમાં કલ્પના વિહીન ભાવ હોવાથી કામનો બોજ ન પડે એ માટે મોટું વિચારવાનું ટાળે છે. કેટલાક સ્વકેન્દ્રી વ્યક્તિઓ સાહસ કરવાના ડરથી ભવિષ્યનો વિચાર કર્યા વગર વર્તમાનમાં જે મળ્યું છે, જેટલું મળ્યું છે તેનો સંતોષ માણી હાથ પર હાથ ધરીને બેઠા રહે છે. પડકારોનો સામનો કરવો પડશે એવા ભયને લીધે પોતે પોતાના સુરક્ષિત ઝોનમાં બેઠા રહે છે, જીવન ગુજારે છે. જ્યારે જેઓ મોટી વિચાર શક્તિ રાખનારા ઉધમી, સાહસી અને સામી છાતીએ લડનારા પડકારોનો સામનો કરવા સતત સજ્જ રહે છે અને પોતાના સેફ ઝોનમાંથી બહાર નીકળી સતત સમસ્યાઓ, વિઘ્નો અને સંકટોનો સામનો કરવા તત્પર રહે છે. આવી વ્યક્તિઓ જ્યારે પોતે વિચારેલું સાકાર થાય, સફળ થાય ત્યારે જ હથિયાર હેઠે મૂકે છે અને સંતોષ પામે છે. શક્યતાઓ અને સંભાવનાઓની કોઈ હદ હોતી નથી. સપનાઓ અને વિચારોને મુક્ત રાખો, એને બાંધી ન રાખો. સતત એને પાંખો ફૂટે અને તેઓ ખુલ્લા આકાશમાં વિહરે એવા પ્રયત્નો કરો જેથી રાખેલી સંભાવનાઓ સત્ય તરફ ગતિમાન થશે. અશક્ય છે, જે આશ્ચર્યજનક છે, જે કલ્પના બ્રાહ્મ છે ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બનાવનાર સફળતા પામે છે અને સિધ્ધિ મેળવે છે.

માનવ જાતિ અસલમાં વાનરની ઉત્ક્રાંતિમાંથી સર્જાઈ છે એવું પ્રતિપાદ થયું છે. આદિમકાળથી આજ પર્યંત સુધી જેટલી શોધખોળ થઈ છે. એમાં માનવોની વિચારશક્તિ તેની બુદ્ધિની સજાગતા અને મગજની કલ્પનાશક્તિ એ જ પાયાનું કામ કર્યું છે. ગોળ પથ્થરોને ગબડતા નિરખીને લાકડાના ટુકડામાંથી વજન ઉચકવા માટે કામે લાગે એ માટે ગોળ પૈડા બનાવી વાહન બનાવ્યું. આકાશમાં ઉડતા પક્ષીઓમાંથી કલ્પના કરી વિમાન બનાવ્યા. ચકમકના ટુકડા ઘસવાથી થતા પ્રકાશમાંથી અગ્નિ બને એ માટે પ્રેરણા મળી. આમ સતત વિચારોના શક્તિને સતેજ રાખી જ્ઞાનને વિજ્ઞાનમાં પરિવર્તન કરનાર માનવી જાતિ જો હાથ પર હાથ ધરી બેસી રહી હોત તો આજે પણ અંધકારના કાળખંડમાં સૌ જીવતા હોત.

વિચારો અને કલ્પનાઓને સીમામાં બાંધી ન રાખો. તેને સતત ઉડવા દો અને તેની પાછળ તમે પણ ભાગતા, દોડતા રહો તો સફળતા હાથ લાગશે. મોટા વિચારો મોટી સફળતા અને સિદ્ધિ અપાવે છે. માટે મોટું વિચારો અને એ વિચારો સાકાર થાય એ માટે પ્રયત્નશીલ રહો.

જય જ્ઞાતિમૈયા

# મંજિલ પહોંચવાનો મારગ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

અસમંજસ અને અવઢવમાં જે અટવાય છે એ ક્યારેય ધાર્યું ધ્યેય સિધ્ધ કરી શકતા નથી. મંજિલે પહોંચવા માટે મુકામથી પરિચિત હોવું જરૂરી છે. તે સાથો સાથ મંજિલનો લક્ષ્ય પામવા નિષ્ઠા અને સંકલ્પ પણ હોવું જરૂરી છે. મક્કમ નિર્ધાર કરી પોતાની જાત સાથે સ્પષ્ટ રહેવું પડે છે કે આ અને આનાથી ઓછું કે ઊતરતું ક્યારે નહીં ચાલે.

જિંદગી માત્રને માત્ર જીવવા માટે નથી. જિંદગી તો દિવસો દિવસ પસાર થવાની છે. જિંદગીનો ચક્ર તો સતત ચાલવાનો જ છે. જિંદગીની ફિતરત અવિરત ચાલતા રહેવાની જ છે. એટલે એ નિર્ધાર કરવો જરૂરી છે કે આપણને જિંદગી કેવી રીતે ગુજારવી છે. દુનિયામાં જેમણે જેમણે નામના મેળવી તેઓએ પોતાના સેવેલા સપના સાકાર કરવા માટે સખત મહેનત તો કરી જ છે સાથોસાથ બહુધા સમય અને જિંદગી ખર્ચી નાંખી છે. નામ ક્યારેય એમને એમ થઈ જતું નથી. નામ માટે કંઈક સારા કામ કરવા પડે છે. સારા સંબંધો બનાવવા પડે છે. માણસ જેટલી વધુને વધુ મહેનત કરે એટલી ઉપર સુધી પહોંચે છે. ઘણા જણ નસીબની વાત કરે છે. તો પણ નસીબ જેવું કેવું કંઈક હશે તે પણ સખત પરિશ્રમને પુરૂષાર્થ વગર ક્યારેય આપોઆપ ચમકતું નથી.

દરેકે દરેક જણ જિંદગીમાં સપનાઓ જોયા હશે. કંઈક બનવા માટે અને કંઈક હાંસલ કરવા માટે લક્ષ્ય બનાવવું જરૂરી છે અને એ લક્ષ્ય પર પહોંચવા પ્રયાસ કરવા જરૂરી છે. અડચણો સમસ્યાઓનો પહાડ જોઈ નાહિંમત થઈ મનોમન હારી જવા કરતાં છેક સુધીના લડી લેવાનું નિર્ધાર કરવું જોઈએ. મનથી હારી ગયેલાની વાસ્તવિક હાર થયા વગર રહેતી નથી. જે છેક સુધી લડી લેવાનું નક્કી કરે છે એને જ ધાર્યું પરિણામ મળે છે. માંહી પડ્યા એ મહાસુખ માણે દેખણ હારા દાઝે જોને. એ કવિતાની પંક્તિ પ્રમાણે હવે જે સામે આવ્યું છે તેની સાથે છેક સુધી લડવું છે. એ નક્કી કરનારને અવશ્ય ધાર્યું પરિણામ મળે છે. હવે તો પૂરું કરીને જંપવું છે. જે થવું હોય એ થાય. હું અધૂરું છોડવાનો નથી. એ નિર્ણય કરનારને સફળતા મળે જ છે.

સૌથી પહેલાં નિર્ણય કરવાનો હોય છે અને એ પછી એ નિર્ણયને સાર્થક કરવાનો પ્રયત્ન કરવો પડે છે. વારંવાર નિર્ણય-નિર્ધારને બદલવાથી ધાર્યું હોય ત્યાં પહોંચી શકાતું નથી. મંજિલની ખબર હોય એ પૂરતું નથી. પણ મંજિલ મેળવી એને માણતા પણ આવડવું જોઈએ. ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પ્રયાસો કરતા રહેવા પડે છે. ધ્યેય પ્રાપ્તિ ન થઈ જાય ત્યાં સુધી સતત પ્રયત્નો કરતાં રહેવા પડે છે. ધ્યેય સિધ્ધિ થઈ જાય પછી જ ઓળખ થતી હોય છે, છાપ અને પ્રતિભાનું કદ મોટું થતું હોય છે. ધ્યેય નક્કી કરીએ ત્યારે એક વાત એ પણ યાદ રાખવાની છે કે મુશ્કેલીઓ અને પડકારનો સતત આવવાના છે. કોઈ રસ્તો સીધો કે સરળ હોવાનો નથી. સરળ રસ્તાઓ ઘણી વખત ક્યાંય જતા નથી. સાહસિક વ્યક્તિ બીજાને રસ્તે ચાલતો નથી પણ પોતે પોતાનો માર્ગ બનાવે છે. ઘણી વખતે ચીલાચાલુ રસ્તે ચાલતા હોઈએ ત્યારે એ બીજો પણ કોઈ રસ્તો હોઈ શકે છે એ વિષે વિચારતા જ નથી. જે કંઈક જુદું વિચારી શકે છે એ જ કંઈક નવું કરી શકે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન













શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી સીમંધર સ્વામી જિનાલય કૃષ્ણનગર, જૂના આડગાંવ નાકા પંચવટી નાસિક નગરે તા.૧૬ નવેમ્બર રવિવારથી તા.૨૮ નવેમ્બર શુક્રવાર દરમ્યાન શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધના કરી પાવન પ્રેરણા માર્ગદર્શન ગુણોદય મુક્તિ જય ગુણ આશિષે ખાનદેશ રત્ના પ.પૂ.આ.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને ૨૫-૨૫ વર્ષીતપ આરાધક, અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની તારક નિશ્રામાં ભવ્યતાથી સંપન્ન થયો.

આ પ્રસંગે સંકુલના મુખ્ય દાતા પુણ્યશ્લોકી શેઠ શ્રી રાજેશભાઈ દામજી પોલડીયા-ગોએરસમા નાસિકની તકતી એવમ સ્ટેચ્યુનું અનાવરણ કરાયું. રવિવાર તા.૧૬ નવેમ્બર સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી નિર્મલાબાઈ સુમતિચંદ લોડાયા બારોઈ-નાસિક, સૌ. તૃપ્તિ પ્રજેશ નાગડા નલિયા-હુબલી.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન













તા.૨૩ નવેમ્બર રવિવારે સવારે ૬ કલાકે શરણાઈ વાદન, ૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજન, સવારે ૭ કલાકે પુંડરીકગિણી નગરી અને ભરત ચક્રવર્તી ભોજન ખંડનું ઉદ્‌ઘાટન. લાભાર્થી માતુશ્રી રતનબાઈ નરશી નાગડા પરજાઉ-નાસિક, સવારે ૮.૩૦ કલાકે માણેક સ્તંભ રોપણ લાભાર્થી માતુશ્રી પુષ્પાબાઈ ચંદુલાલ ડાઘા હસ્તે રાજુલ પીયૂષ ડાઘા, સૌ. વર્ષા કુમાર સોની-ગોએરસમા-પારોલા અમલનેર ઘર ઘર તોરણ બંધન એવં જિનાલય, તોરણ બંધનના લાભાર્થી માતુશ્રી ચંદાબેન પ્રદીપ લોડાયા, સૌ. કિરણ વિપુલ લોડાયા, જખૌ-નાસિક, વેદિકા પૂજનના લાભાર્થી સૌ. ભક્તિ અમિત લોડાયા બાંઢિયા-નાસિક, સવારે ૧૦.૩૦ કલાકે લઘુ નંદાવર્ત પૂજનના લાભાર્થી લીખેશ વશનજી લોડાયા કોઠારા-નાસિક, બપોરના ૧ કલાકે લઘુ સિધ્ધચક્ર પૂજનના લાભાર્થી માતુશ્રી ચંપાબેન મનસુખલાલ શાહ દેવલાલી હસ્તે સૌ.બિજલ કૈલાસ બપોરે ૩.૩૦ કલાકે લઘુવીશ સ્થાનક પૂજન જેના લાભાર્થી શ્રીમતી ઈલાબેન રાજેશ પોલડીયા ગોએરસમા-નાસિક, આંગી, મહાકાલી માતાજીની ભાવના, આરતી, મંગળ દીવો લાભાર્થી સૌ. પ્રીતિબેન મહેન્દ્રભાઈ મોમાયા બારોઈ-નાસિક. સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈ ડોસાભાઈ મોમાયા બારોઈ-નાસિક તરફથી.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન











તા.૨૪ નવેમ્બર સોમવાર સવારે ૬ કલાકે શરણાઈ વાદન, ૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારે ૯ કલાકે ઈન્દ્ર-ઈન્દ્રાણી, માતા-પિતા એવં ધર્માચાર્ય સ્થાપના, ઈન્દ્ર-ઈન્દ્રાણી શ્રી દૌલત પરિવાર સુથરી-નાસિક-ઊંઝા, માતા-પિતા માતુશ્રી મધુરીબાઈ ભવાનજી શીવજી લોડાયા કોઠારા-ચાલીસગામ-વિદ્યાવિહાર, ચ્યવન કલ્યાણક ઉત્સવ ૧૪ સ્વપ્ન દર્શન, મહેંદી રસમ માતુશ્રી રતનબાઈ નરશી નાગડા પરજાઉ-નાસિક, બપોરના વિજય મુર્હુત ૧૨.૩૯ કલાકે ભગવતી મંડળ પૂજન, રાજેન્દ્રભાઈ આણંદજી ધરમશી સુથરી-મુલુંડ. આજના સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ દૌલત પરિવાર સુથરી-નાસિક-ઊંઝા.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન








તા.૨૫ નવેમ્બર મંગળવાર સવારે ૬ કલાકે શરણાઈ વાદન, ૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજન સવારે ૮.૩૦ કલાકે જન્મ કલ્યાણક ઉત્સવ ૫૬ દિકકુમારીકા, મેરૂ મહોત્સવ જન્મ વધાઈ. નામકરણ પ્રિયવંદા સૌ.ચંદ્રિકાબેન ચેતન લોડાયા રવા-દેવલાલી, જ્યોતિષ કુ. ઝિલ વિપુલ શાહ પરજાઉ-નાસિક, ફઈ-ફુઆ સૌ.નુપૂરબેન ઈશાંક પોલડીયા ગોએરસમા-નાસિક, હરિણગમેષી દેવ કમલેશભાઈ ખુશાલ લોડાયા બાંઢિયા-નાસિક બપોરે વિજય મુર્હૂત ૧૨.૩૯ કલાકે શ્રી સંઘ તરફથી અઢાર અભિષેક, સાંજે ૬.૩૦ કલાકે કુમારપાળ રાજાની આરતી. આજની સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી દેવ કુંવરબાઈ ડૉ. મેઘજી વેલજી ધરમશી હસ્તે ઉર્વશીબેન, પ્રિયવંદાબેન, વિધાતાબેન, તક્ષશીલાબેન ગોરખડી-તાડદેવ.

મહોત્સવના ચોથો દિવસ તા.૨૬ નવેમ્બર બુધવારના સવારે ૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારે ૮.૩૦ કલાકે વિવાહ રાજ્યાભિષેક, લોકાંતિક દેવ પ્રાર્થના, વર્ષીદાન, દીક્ષાની રથયાત્રા દીક્ષા કલ્યાણક વર્ષીદાન વરઘોડો. પાઠશાળા શિક્ષક ઈશાંક રાજેશ પોલડીયા ગોએરસમા-નાસિક, સાસુ-સસરા સૌ. મિલનબેન દીપક લોડાયા બાંઢિયા-નાસિક, મામા-મામી સૌ. પ્રાચીબેન પ્રેમ લોડાયા બાંઢિયા-નાસિક, સાંજે ૬ કલાકે દીક્ષા મહોત્સવ, અંજન ઘુંટવાની વિધિ અને રાતે અધિવાસન અંજન વિધિ આંગી, ભાવના, આરતી મંગળ દીવો, રાતે જાપ ભક્તિ આરાધનાના લાભાર્થી માતુશ્રી મીઠીબાઈ દેવશી કચરાભાઈ ડાઘા ગોએરસમા-અમદાવાદ, નાસિક, દેવલાલી. આજના સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી મીઠીબાઈ દેવશી કચરાભાઈ ડાઘા ગોરસમા-અમદાવાદ, નાસિક-દેવલાલી.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન













પાંચમા દિવસે તા.૨૭ નવેમ્બર ગુરૂવારે વહેલી સવારે કેવળજ્ઞાન, નિર્વાણ કલ્યાણક, ૧૦૮ અભિષેક સાથે પ્રભુ પ્રતિષ્ઠા સવારે ૫.૩૦ કલાકે વિધિ વિધાન પ્રારંભ ઘંટ સ્થાપના અને ઘંટનાદ માતુશ્રી ઉષાબેન દિનેશ લાલકા લાલા-મુલુંડ શ્રીમતી અંજનાબેન પ્રતાપ ધરમશી સુથરી-મુલુંડ સવારે ૮.૩૦ કલાકે પ્રતિષ્ઠા માંગલિક-પ્રાસંગિક પ્રવચન સવારે ૯.૩૦ કલાકે જિનાલય સમર્પણ એવમં બહુમાન સમારોહ બપોરે ૧૨.૩૦ કલાકે વિજય મુહૂર્તે બૃહત શાંતિ સ્નાત્ર આંગી ભાવના આરતી મંગળ દીવો લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન સુમતિચંદ લોડાયા બારોઈ-નાસિક આજે સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી મધુરીબાઈ ભવાનજી શિવજી લોડાયા કોઠારા હસ્તે સૌ. દીપા મનિષ ચાલીસગામ, સૌ.ચાંદની હિતેશ વિદ્યાવિહાર.



# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન













મહોત્સવના અંતિમ છઠ્ઠા દિવસે દ્વારોદ્‌ઘાટન સતરભેદી પૂજા માતુશ્રી તેજબાઈ જેઠાલાલ છેડા નાના આસંબિયા-નાસિક. આજની સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ શેઠશ્રી વીરચંદભાઈ નરશી ખોનાની સ્મૃતિમાં હસ્તે જયાબેન વીરચંદ સોની સુથરી-જુહુ

મહોત્સવના ડાયમંડ દાતા શેઠશ્રી આણંદજી શીવજી લોડાયા પરિવાર બાંઢિયા-નાસિક, માતુશ્રી નવલબાઈ લીલાધર મૈશેરી હસ્તે વિનોદભાઈ ગિરીશભાઈ લાલા સંભાજી નગર, માતુશ્રી દમયંતીબેન રમેશચંદ્ર ભાટે નલિયા-દેવલાલી, માતુશ્રી વિજયાબેન વેરશી મોતા સુથરી-અંધેરી હા. સ્નેહા અશોક, અ.સૌ.મૃણાલિની નરેશ લોડાયા વારાપધ્ધર-નાસિક, માતુશ્રી લીલાવંતીબાઈ આણંદજી ધરમશી હસ્તે રાજેન્દ્રભાઈ, ભુપેન્દ્રભાઈ સુથરી-મુલુંડ દેવલાલી. મહોત્સવના સુવર્ણ દાતા શ્રીમતી ઈલાબેન રાજેશભાઈ પોલડીયા ગોએરસમા-નાસિક જ્યારે મહોત્સવના રજત દાતા શ્રી જૈનમ મહિલા મંડળ નાસિક, પરેશ દગડુ લાલજી ચોપડા-નાસિક

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા
# શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન








સીમંધરસ્વામીની અનુકંપા તથા નાશિક સંઘના પરમ ઉપકારી ગુરૂમા ખાનદેશ રત્ના પ.પૂ.જયદર્શતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.હિમાંશુશ્રીજી મ.સા. તેમજ પ.પૂ.જિઆજ્ઞાશ્રીજી મ.સા. નિશ્રામાં પાવન આશિર્વાદ હેઠળ, પુણ્ય ઐતિહાસિક નગરી નાસિકના ધરતી તલા ઉપર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સેવાભાવી સંસ્થાન નાશિકના આંગણે યોજાયેલ ભવ્ય શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સફલતાપુર્વક, નિર્વિઘ્ને સંપન્ન થયો

પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજીશ્રીજી મ.સા. આસીમ કૃપા નાશિક સંઘ પર વિશેષ પ્રેમ, એમની પાવન નિશ્રામાં અતિ ઉત્કૃષ્ટ ભવ્ય દિવ્ય જિનાલય અને સંકુલનો નવનિર્માણ થયો એનો સંપુર્ણ શ્રેય પુજ્ય શ્રીજીને છે.

અશક્ય એવો શુન્યથી સર્જન કર્યું છે. સંઘ એમને ગુરૂમા ના પદવીથી વિભુષિત કરે છે.

તપચક્રવતી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત અજોડ શાસન પ્રભાવક શ્રી કવિન્દ્રસાગરસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પાવન પર્વેમાં વિવિધ અનુષ્ઠાન હવન પૂજન અંજન પ્રતિષ્ઠા મહોત્સવ કાર્ય પામ્યો છે સંઘ પર એમના આશીર્વાદની અમે હુંફ અનુભવી છે.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન









શાંત, સરલ સ્વભાવી પ.પૂ. સા.શ્રીજી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ થાણા ૫ જલગાંવથી ઝડપીથી વિહાર કરી પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી કાર્ય સિદ્ધ થવા વિશેષ આશીર્વાદ આપ્યા.

આપ સર્વ ગુરૂ ભગવંતોના અમે સંઘ પરિવારના દરેક સભ્ય હાથ જોડીને ધન્યતા માની વંદન કરીએ છે.

પ્રતિષ્ઠા પ્રસંગ દરમિયાન વિવિધ દિવસોના સાધર્મિક ભક્તિના લાભાર્થી, કલ્યાણકો તથા મહોત્સવોમા વિધિવત્ દાન, અનેક પ્રકારના યોગદાન સહયોગ,સેવા અને સક્રિય ભાગીદારી આપનાર દરેક દાતાશ્રીઓ પરિવાર તન, મન, ધનથી યોગદાન આપણાર લાભાર્થી પરિવારજનો અને સાધર્મિક બંધુઓ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી અંતઃકરણ અનુમોદના કરીયે છીએ.

આ પવિત્ર પ્રસંગે શ્રી સીમંધરસ્વામી જિનાલય શ્રી મધુર ભવ મહાવિદેહ ધામ સંકુલના નિર્માણ માટે અનેક જિનાલયના ટ્રસ્ટી, મહાજન તરફથી દેવદ્રવ્યથી ભૂમિનો યોગદાન મળ્યો ભૂમિદાન થઈ છે.

સંકુલ નિર્માણના મુખ્ય લાભાર્થી, સંકુલના પ્રવેશ દ્વારનો નામ, ૨ ઉપાશ્રય ફર્નિચર સામગ્રી સાથે, આરાધના હોલ, બેસવા માટે ૨૦૦ ખુરશી ૧૧ અતિથી રૂમ ફર્નિચર સહ,ભોજન રસોડો, લિફ્ટ, આરાધના હોલ, વિવિધલક્ષી હાલ સ્વાધ્યાય રૂમ, ઉત્તમ ફાળો આપનાર મુખ્ય ભૂમિદાતાઓ, સહાયક અને સહ સહાયક સંકુલના ભૂમિદાતાશ્રીઓ, સંકુલ વિકાસ નિધિ દાતાશ્રીઓ આપ સર્વ સન્માનનીય મહાનુભવોનો નાશિક મહાજન વતી અંતઃકરણ પૂર્વક ખુબ ખુબ અનુમોદના આભાર

આપના ઉદાર અર્પણથી જ જ્ઞાતિ માટે સંકુલ અને દેવવિમાન સમાન જિનાલય અને નયનરમ્ય ધાર્મિક કેન્દ્ર રૂપે પ્રતિષ્ઠિત થયું છે જે આગામી પેઢીઓ માટે પણ આરાધનાનું પ્રેરણાસ્થાન બની રહેશે.

પ્રતિષ્ઠા મહોત્સવના ડાયમંડ, સુવર્ણ અને રજત દાતાશ્રીઓની અનન્ય ઉદારતા પ્રત્યે વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે.

મહોત્સવના તમામ કલ્યાણકો  ચ્યવન, જન્મ, દીક્ષા, પંચકલ્યાણક મહોત્સવ,કેવળજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક દરમિયાન સ્નાત્ર પૂજા,વિવિધ પૂજન, અભિષેક, કલ્યાણક ઉત્સવો, મહાપૂજા, નવગ્રહ, અષ્ટમંગલ, સિદ્ધચક્ર, નંદાવર્ત, વિદ્યાદેવી, ભગવતી મંડળ પૂજન વગેરેના લાભાર્થી પરિવારોને સત્કૃત ભાવોથી અભિનંદન તથા અનંત અનુમોદના કરી કૃતઘ્નતા અનુભવીએ છીએ.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાહ્નિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન







શ્રી સીમંધર સ્વામી, શ્રી આદિનાથ, શ્રી વિમલનાથ, શ્રી શાંતિનાથ પંચતીર્થી, શ્રી પાર્શ્વનાથ ચોવીસી, ધ્વજદંડ-કળશ, ચક્રેશ્વરી, મહાકાલી, પદ્માવતી, લક્ષ્મી વગેરે દેવ-દેવીઓની પ્રતિષ્ઠા,ગભારા પ્રવેશ, ભરાવણા, આંગી, છત્ર, ચક્ષુ-તિલક, નાળિયેર, ગહુલી, ચોવીસી, પંચતીર્થી આંગી વગેરેના દાદાજીનો દાયજાનો અણમોલ સુકૃત માટે પણ આપ સૌની ભક્તિની ગાથા યાદગાર બની રહેશે આપની અંતઃકરણ અનુમોદના,આભાર સાથે વંદના !

મહોત્સવ દરમિયાન શહનાઈ, સંગીત-ભક્તિ, રાગ-રાગિણીથી સ્નાત્ર પૂજા, જિનવાણી શ્રવણ, પ્રવચન, પાંજરાપોળ પ્રાણી ભક્તિ, તપસ્વી સમુહના પધારણા, વિધિકાર, સંગીતકાર, મહેતાજી, મહાપૂજા, ભોજન ખંડ વ્યવસ્થા, ફોટોગ્રાફી વગેરે માટે લાભાર્થી પરિવારની ખુબ ખુબ અનુમોદના.

સેવા અર્પણ કરનાર તમામ શ્રમણ-શ્રમણી વૃંદ, પંડિત, ગાયકમંડળી, નાશિક સંઘના યુવાનો-યુવતીઓ તથા સેવાદાર મંડળ પ્રત્યે પણ હૃદયની ઊંડાઈથી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે.

યુવા મંડળના સર્વ કાર્યકરોની આ ભગીરથ કાર્યમાં યોગદાન આપી પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધા. આપના નિસ્વાર્થ પરિશ્રમથી જ મહોત્સવનું દરેક પ્રસંગ કાર્ય શાસ્ત્રોક્ત, શિસ્તબદ્ધ અને ભાવસ્પંદનથી સભર બની શક્યું છે અને દરેક પધારેલાં સાધર્મિકજનોને આત્મિક આનંદ તથા સમ્યગ્દર્શનનો સ્પર્શ થયો છે.

આપણી પ્રશંસા સાંભળી અમો ગર્વ અનુભવીયે છે.

નાશિક સંઘ પરિવાર ના તમામ નાના મોટા સભ્ય, વડીલો, બહેનોનો વિશેષ આભાર.

પ્રત્યેક વ્યક્તિ પ્રસંગ મા જોડાયો અને તન,મન, ધનનો ઉત્કૃષ્ટ યોગદાન આપી શાસનની શોભા વધારવા કાર્યરૂપ થયા જેથી નાશિક ના આંગણે દિદિપ્યમાન પ્રસંગ સફળ થયો.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાસિક દ્વારા શ્રી ત્રયોદશાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન









આપ સર્વને નતમસ્તક થઈ આભાર સાથે અનુમોદના કરીયે જે વિશેષ આભાર સાથે નાશિક સંઘ કૃતઘ્નાથી માતુશ્રી મધુરીબાઈ ભવાનજી શિવજી લોડાયા પરિવારનો અંતઃકરણ પૂર્વક નતમસ્તક થઈને ઉચ્ચ કોટીના સ્વદ્રવ્યથી જિનાલય નિર્માણ કરી નાશિક મહાજનને અર્પણ કર્યો તે બદલ નાશિક મહાજન વતી શ્રીમાન મનિષભાઇ તથા ભાઈશ્રી હિતેશ ભાઈનો નાશિક સંઘ આપણી અંતઃકરણ પૂર્વક નતમસ્તક થઈ ને ખુબ ખુબ અનુમોદના કરે છે.



ધન્ય છો તમે પુણ્ય શ્લોકી શેઠ શ્રી રાજેશભાઈ દામજી પોલડિયા પરીવાર મુખ્ય દાતાશ્રી બની સંકુલને સાકાર સ્વરૂપ આપ્યું છે.

એમના પરિવારજનો શ્રીમતી ઈલાબેન, ઈશાકભાઈ, પુત્રવધૂ નુપુર બેનનો વિશેષ યોગદાનના લીધે સમગ્ર જ્ઞાતિ, ગચ્છ તેમજ જિનશાસનનું ગૌરવ ઊચું કર્યું છે.

આપ ઉચ્ચ કોટીનો લાભ લઈ ધન્ય થયા છો! આપ પરીવારની ખુબ ખુબ અનુમોદના આભાર.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સેવાભાવી સંસ્થા નાસિકના સંઘ પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણ,મહિલા મંડળ,યુવા મંડળ તથા સમસ્ત સંઘ તરફથી તમામ દિલદાર દાતાશ્રીઓ અને ભાગ લેનાર પરિવારો માટે વિનમ્ર પ્રાર્થના છે કે પ્રભુ સીમંધર સ્વામી તથા ગુરૂભગવંતોના અખૂટ આશીર્વાદ આપના જીવનમાં સદા સુકૃત, સુખ,આરોગ્ય અને આધ્યાત્મિક પ્રગતિનું પ્રકાશ પાથરતા રહે.

જિનજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામી દુક્કડમ.

આજ અભિલાષા સાથે નાશિક મહાજન વતી સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્ર ડોસાભાઈ મોમાયા (બારોઈ) ના જય જિનેન્દ્ર

ટ્રસ્ટી : શ્રી મનિષભાઇ લોડાયા-બારોઈ (ઉપપ્રમુખ). શ્રી વિપુલભાઈ નાગડા (શાહ)-પરજાઉ (ખજાનચી), શ્રી દિપકભાઈ લોડાયા-બાઢીયા (સેક્રેટરી).

શ્રીમતી ઈલાબેન રાજેશભાઈ દામજી પોલડિયા ગોએરસમા-નાસિક અને સૌ. કાંતાબેન પદમશી શિયાલ (જખૌ-નાસિક)

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સેવા ભાવી સંસ્થા નાશિક.

# શ્રી ગુજરાતી યુવક મંડળ તિરુપુરના વાઈસ પ્રેસિડન્ટ તરીકે સૂરજ રતિલાલ નાગડાની વરણી



કચ્છ પરજાઉ હાલે તિરુપુરના સૂરજ રતિલાલ નાગડાની વરણી શ્રી ગુજરાતી યુવક મંડળ તિરુપુરના ઉપપ્રમુખ પદે નવી ટર્મ વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટે કરાઈ છે. તા.૧૪ ડિસેમ્બર શનિવારે યુવક મંડળની યોજાયેલ વાર્ષિક જનરલ સભામાં નવી કારોબારી સમિતિની વરણી કરાઈ હતી. સૂરજ નાગડાને પદ વરણી બદલ હાર્દિક અભિનંદન.

# તિરુપુર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયનો ૪૦મો ધ્વજા મહોત્સવ ઉજવાયો

દક્ષિણ ભારત પ્રાંતના તામિલનાડુ રાજ્યના તિરુપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયના ૪૦મા ધ્વજા મહોત્સવનો પ્રસંગ તા.૧ ડિસેમ્બર સોમવારના રોજે મૌન એકાદશીના પાવન દિને સવારના ૯.૪૫ કલાકે સતરભેદી પૂજા શ્રી સુવિધિનાથ મહિલા મંડળની બહેનોએ ધર્મભાવપૂર્વક રીતે ભણાવેલ. સવારે ૧૧ વાગ્યે શુભ મુર્હુતે ધ્વજા ચજાવવામાં આવેલ. કલ્પેશ અરૂણકુમાર શાહ મુંબઈવાળાએ લાભ લીધેલ. તેમના તરફથી રૂા.૧૦ની પ્રભાવના કરાવેલ. શ્રી સંઘ વતી ઉપસ્થિત સૌને સેવ-બુંદી ભાતામાં આપવામાં આવેલ.

# ગોરંગ-બાલુડો પોલડીયા પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીની ૧૫મી પહેડીનું આયોજન માટુંગા મધ્યે

ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી તથા ડુમરા-ગોરંગ બાલુડોના પોલડીયા ગૌત્રના પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની માટે ૧૫મી પહેડી તા.૨૫ જાન્યુઆરી રવિવારના સવારે ૮ કલાકથી નારાણજી શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (ઈસ્ટ) સે.રે. મુંબઈ-૧૯ સ્થળે આયોજિત કરાયેલ છે. આ સર્વે છ ગામના પોલડીયા ગૌત્રના ભાવિકો તથા તેમની પરણિત નિયાણી બેનોને સહ પરિવાર પધારવાનું આમંત્રણ છે.

પહેડીના લાભાર્થી પરિવાર માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા પરિવાર તથા સૌ. કલ્પના કિરણ વેલજી પોલડીયા પરિવાર બાયઠ. વધુ વિગત માટે સંપર્ક : સંપર્ક : લક્ષ્મીચંદ પોલડીયા (લલાપો)-૯૯૩૦૦૦૮૩૯૯, ભરત પોલડીયા-૯૩૨૦૬૬૮૨૮૬.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનો સંભવિત વિહાર કાર્યક્રમ

સંઘ શાસન કૌશલ્યાધાર, પરમાર્થ મૂર્તિ , દંતાણી તીર્થોદ્ધારક, **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાનો** કચ્છ થી મુંબઇ નો આદિ ઠાણાનું સંભવિત વિહાર કાર્યક્રમ..

**સંપર્ક:** રણછોડ : **83693 80690** / અનિલ : **81049 72061**

**ખાસ સૂચના :** દરેક સંઘોએ પોતાનો કાર્યક્રમ સંપર્ક કરી પછી જાહેર કરવો. કારણ સંયોગે વિહાર ના કાર્યક્રમમાં ફેરફાર થઇ શકે.

| | | |
|---|---|---|
| ૧૮ ડિસેમ્બર | ભુજ | |
| સાંજે | ભુજોડી | - ૮ |
| ૧૯ ડિસેમ્બર | રતનાલ | - ૨૧ |
| ૨૦ ડિસેમ્બર | અંજાર | - ૧૮ |
| ૨૧ ડિસેમ્બર | રત્નમણી ફેક્ટરી | - ૧૮ |
| સાંજે | ફીડમ પેટ્રોલ પંપ | - ૧૧ |
| ૨૨ ડિસેમ્બર | ભચાઊ | - ૧૫ |
| ૨૩ ડિસેમ્બર | સામાખિયારી | - ૧૮ |
| ૨૪ ડિસેમ્બર | સૂરજબારી | - ૨૨ |
| ૨૫ ડિસેમ્બર | અમૃતજ્યોત વિહારધામ | - ૨૩ |
| સાંજે | અણીયારી. | - ૧૨ |
| ૨૬ ડિસેમ્બર | અમરદીપ પેટ્રોલ પંપ | -૧૮ |
| સાંજે | સાંદિપની સ્કૂલ | -૮ |
| ૨૭ ડિસેમ્બર | તારંગા (ચુલી) વિહારધામ | -૧૯ |
| સાંજે | દિવ્ય સ્થાપત્ય | -૧૦ |
| ૨૮ ડિસેમ્બર | દુદાપર | - ૧૮ |
| સાંજે | ધ્રુમઠ | -૧૦ |
| ૨૯ ડિસેમ્બર | બજાણા | -૧૮ |
| ૩૦ ડિસેમ્બર | ઉપરીયારી તીર્થ | -૧૬ |
| ૩૧ ડિસેમ્બર | વિરમગામ | -૧૮ |
| ૧ જાન્યુઆરી | સંપ્રતિ નવીન શણગાર | –૧૭ |
| ૨ જાન્યુઆરી | પંકજ ફેક્ટરી વિહારધામ | -૧૫ |
| ૩ જાન્યુઆરી | બોપલ | –૧૮ |
| ૪ જાન્યુઆરી | પાલડી (ચંદ્રનગર) | -૧૩ |
| ૫ જાન્યુઆરી | શાહીબાગ - ઓઢવ | - ૭ |
| ૬ જાન્યુઆરી | મણિનગર | - ૧૨ |
| ૭ જાન્યુઆરી | રાસ્કા તીર્થ | - ૧૭ |
| ૮ જાન્યુઆરી | રાજેન્દ્રધામ વરસોલા | - ૧૭ |
| ૯ જાન્યુઆરી | નડીયાદ | - ૧૫ |
| સાંજે | ઉવસગ્ગહરં તીર્થ | - ૬ |
| ૧૦ જાન્યુઆરી | ગાલા બ્રશ ફેક્ટરી | - ૧૨ |
| ૧૧ જાન્યુઆરી | હર્ષ કલશ મંદિર | - ૧૩ |
| ૧૨ જાન્યુઆરી | ઓમકાર તીર્થ | - ૧૫ |
| સાંજે | કોઠારી વિહારધામ | - ૬ |
| ૧૩ જાન્યુઆરી | કે.ડી.ઓ.વડોદરા | - ૧૭ |
| ૧૪/૧૫ જાન્યુઆરી | કચ્છી ભવન વડોદરા | - ૫ |
| ૧૬ જાન્યુઆરી | વરણામા તીર્થ | - ૨૦ |
| સાંજે | માંગલેજ | - ૧૨ |
| ૧૭ જાન્યુઆરી | શત્રુંજયયુગાદિ દિવ્ય વસંતધામ | - ૧૬ |
| ૧૮ જાન્યુઆરી | અસુરિયા | -૨૨ |
| સાંજે | ભરૂચ (પ્રીતમ સોસાયટી) | - ૧૨ |
| ૧૯ જાન્યુઆરી | અંકલેશ્વર | - ૧૪ |
| સાંજે | અમ્બેશ ભૌગ્ય વિ. | - ૭ |
| ૨૦ જાન્યુઆરી | કોસંબા (સોમનાથ સોસાયટી) | -૧૪ |
| સાંજે | કીમ | - ૯ |
| ૨૧ જાન્યુઆરી | સાયણ | -૧૩ |
| ૨૨/૨૩/૨૪ જાન્યુ. | સુરત (મોડેલ ટાઉન) | -૧૮ |
| ૨૫ જાન્યુઆરી | સચિન | -૧૮ |
| સાંજે | નાહર વિહારધામ | -૧૦ |
| ૨૬ જાન્યુઆરી | નવસારી | -૧૦ |
| ૨૭ જાન્યુઆરી | ગણદેવી | -૨૦ |
| ૨૮ જાન્યુઆરી | વાગલધરા (કેન્સર હીસ્ટીપલ) | -૧૪ |
| સાંજે | શંકર તલાવ વિહારધામ | - ૮ |
| ૨૯ જાન્યુઆરી | કર્મભૂમિ રેસીડેન્સી (વલસાડ) | - ૧૧ |
| સાંજે | રત્નાકર ધામ | - ૫ |
| ૨૯ જાન્યુઆરી | કર્મભૂમિ રેસીડેન્સી (વલસાડ) | –૧૧ |
| સાંજે | રત્નાકર ધામ | -૫ |
| ૩૦ જાન્યુઆરી | અવધ (ટુકવાડા) | - ૧૯ |
| ૩૧ જાન્યુઆરી | વાપી | - ૧૦ |
| સાંજે | કરમબેલી | - ૮ |
| ૧ ફેબ્રુઆરી | ચાણક્યનગરી વિહારધામ | - ૧૨ |
| સાંજે | તલાસરી | - ૧૦ |
| ૨ ફેબ્રુઆરી | એશિયન પંપ | - ૨૨ |
| સાંજે | સોમટા | - ૧૦ |
| ૩ ફેબ્રુઆરી | મહાલક્ષ્મી પંપ | - ૧૮ |
| સાંજે | પ્રતાપધામ | - ૧૦ |
| ૪ ફેબ્રુઆરી | મહાવીર ધામ | - ૨૦ |
| સાંજે | વિરાર | - ૧૨ |

| | |
|---|---|
| ૫ ફેબ્રુઆરી થી ૧૨ ફેબ્રુઆરી | વિરાર પૂર્વ પરમાત્મા પાર્ક પૂ.ગુણસાગરસૂરિજી શતાબ્દિ વિહારધામ પ્રતિષ્ઠાંજનશલાકા મહોત્સવ |
| ૨૨ ફેબ્રુઆરી થી ૨ માર્ચ | નાલાસોપારા પૂર્વ ગીતાસ્મૃતિ તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૪ માર્ચ થી ૧૩ માર્ચ | થાણા શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે નવનિર્મિત શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલય અંજનશલાજા પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૨ એપ્રિલ થી ૧૪ એપ્રિલ | ડોંબીવલી પૂર્વ નગરે દીક્ષા મહોત્સવ. |
| ૧૯ એપ્રિલ | મુલુંડ નગરે તપસ્વીરત્ન આ.શ્રી કવીન્દ્રસાગરસૂરિજી ના ૨૫ વર્ષીતપ સહ ચતુર્વિધ સંઘના રસ પારણા<br>❖ બદલાપુર નગરે રતન સુંદર જિનાલય-ઉપાશ્રય ઉદ્ઘાટન - પ્રતિષ્ઠા<br>❖ લાલવાડી શ્રી સુવિધિનાથ જિનાલય શતાબ્દિ મહોત્સવ અને પ્રતિષ્ઠા |

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા પ્રથમ સ્વમાન લગ્ન યોજાયા







શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા પ્રથમ સ્વમાન લગ્ન તા.૭ ડિસેમ્બરના રવિવારના વિરાર મુકામે જાનૈયા માનાઈચા ગ્રુપના કાર્યકર ભાઈઓના સથવારે ધામધુમથી યોજાયા. કન્યા પક્ષના વરપક્ષના સવારના પધારતા નવકારશી તથા બપોરના જમણવાર રાખવામાં આવેલ. શ્રી નવકાર ગ્રુપ અને શ્રી અચલગચ્છ જૈન વિરાર સંઘનો સારો એવો સહયોગ મળેલ સર્વે પદ અધિકારીઓ સવારથી કરી અને વિદાય સુધી હાજર રહેલ. ત્રિવેણી સંગમ સાથે થયેલ જેમાં ૧) શ્રી અચલગચ્છ જૈન વિરાર સંઘ ૨) શ્રી નવકાર ગ્રુપ ૩) શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ.







# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા પ્રથમ સ્વમાન લગ્ન યોજાયા







વરપક્ષના જાનૈયા પધારતા સામૈયું કરવામાં આવેલા આપણી પરંપરા મુજબ લગ્નની વિધિ થયેલ. હિરાલાલ મહારાજ પધારેલ કન્યા દાનમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ તરફથી કન્યાને પાનેતર (ચણીયા ચોલી) સોનાનો પેંડલ, ચાંદીની ગાય, મોચીવર્ડ સાડી અને બે સાડી કોશીઓ બટુવો, જમાઈ રાજને શેરવાની, મોજડી, સાફો, માળા સાથે સેટ આપવામાં આવેલ. ગ્રુપના જયેશ જૈન, વિપુલ પટેલ, જયેશ લોડાયા, વિરેન્દ્ર લોડાયાનો સારો સાથ સહકાર મળેલ. ગ્રુપના ભાઈઓ વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા, વિરચંદ ખોના, કિરણ દંડ, જયેશ લાલકા, ભરત વિકમશી, ચંદ્રેશ સોની, રાજેશ દંડ, નીતિન ધરમશી, અભિષેક લોડાયા, જયેશ ધરમશી સર્વે જણા હાજર રહ્યા હતા. વિદાય વખતે વિપુલ પટેલ ગીત દ્વારા વિદાય આપેલ. દિનેશ મૈશેરી-વિરાર આભાર વિધિ કરેલ.



શા. રાજેશ દામજી મૈશેરી (મોટી સિંધોડી-વિરાર)ની પુત્રી ચિ. ફોરમ ના લગ્ન શા. મુકેશ ગોવિંદજી ગોસર (બારોઈ-વડોદરા)ના પુત્ર ચિ. કશ્યપ સાથે થયેલ. શાંતિજિનના આ વર્ષે બે લગ્ન થયેલ. ૧) લોનાવલા અને ૨) વિરાર બન્ને પરિવાર લગ્નમાં જોડાયા એ બન્ને પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

શાંતિજિન ગ્રુપ મુંબઈ તરફથી લગ્ન નિમિત્તે કોઠારા પાંજરાપોળમાં નિલો ચારો, લાપસી, ગોળ અને પક્ષીઓને ચણ, કુતરાઓને રોટલો ખવડાવામાં આવેલ.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા વડીલો માટે બે દિવસીય આધ્યાત્મિક યાત્રા પ્રવાસ યોજાયો



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા વડીલો માટે આયોજિત બે દિવસીય યાત્રા પ્રવાસ ૬૬ યાત્રિકો સાથે શનિવાર, તા. ૬ ડિસેમ્બર વહેલી સવારના છ કલાકે બે બસ આગળ નારિયેળ વધેરી જેમાંથી એક બસ ડોંબિવલી વેસ્ટ સમ્રાટ હોટેલ અને બીજી બસ ડોંબિવલી ઈસ્ટ મંડળના કાર્યાલય પાસેથી શુભકામનાઓ સાથે શુભ પ્રસ્થાન કર્યું હતું.

બસમાં નવકારમંત્ર, ભક્તામર સ્તોત્ર, રત્નાકર પચીસી, કેવલનાણી વગેરેના પાઠ સાથે આધ્યાત્મિક માહોલમાં યાત્રિકો રંગાઈ ગયા હતા. શ્રી ખરડી તીર્થે સેવા-પૂજા, આરતી અને નવકારશીનો લાભ લઈ શ્રી ધર્મચક્ર તીર્થ તરફ શુભ પ્રસ્થાન કર્યું શ્રી ધર્મચક્ર તીર્થે સેવા પૂજા તથા બપોરના ભોજનની સુવ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી ધર્મચક્ર તીર્થ સ્થાને નવકારના ૬૮ અક્ષર અનુસાર રચાયેલા ૬૮ તીર્થ, સમેતશિખર, ગીરનાર, શેત્રુંજય અને આબુની વિશેષ તીર્થોની રચના જોઈ સૌ યાત્રિકો દર્શન કરી યાત્રા કરતા હોઈએ એવા ભાવથી ભાવ વિભોર થઈ ગયા. ગૌશાળાની મુલાકાત લઈ શ્રી સપ્તશૃંગી માતાજીના દર્શન માટે યાત્રા આગળ વધી. બીજનો દિવસ અને શનિવાર હોવાથી ભીડ વધારે હતી છતાં સૌએ ધીરજ રાખી રોપવેનો આનંદ લેતા શ્રી સપ્તશ્રૃંગી માતાજીના અલૌકિક દર્શન કરી ચૌવિયાર કર્યાં બાદ વણી પહોંચ્યા, જ્યાં રાત્રી રોકાણની ઉત્તમ વ્યવસ્થા પહેલેથી જ કરવામાં આવી હતી.

રવિવાર, તા. ૦૭ ડિસેમ્બર બીજા દિવસે શ્રી વણી તીર્થમાં વહેલી સવારના મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથ દાદાની વાસક્ષેપ, પક્ષાલ તથા નવ અંગે પૂજાનો લાભ લઈ અ.સૌ કિરણબેન જીવાણી, અ.સૌ જીજ્ઞાબેન છેડા અને નીલમબેન જૈન દ્વારા ખૂબ જ સુંદર રીતે સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી. ઢોલક ઉપર શ્રી લહેરચંદભાઈ પોલડીયાનો સાથ મળ્યો. નવકારશી કરી યાત્રા નાશિક તરફ આગળ વધી. બંને બસમાં અંતાક્ષરી અને વિવિધ રમતો સાથે આનંદમય વાતાવરણ સર્જાયું. નાશિકમાં શ્રી કચ્છી દશા ઓશવાળ સેવા ભાવિ સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોમાયા અને કમિટી દ્વારા સુંદર વ્યવસ્થા અને ભવ્ય સ્વાગત બાદ નુતન ભવ્ય જિનાલયમાં શ્રી સિમંધર સ્વામીના દર્શન, સેવા-પૂજા કરી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોતા, ઉપપ્રમુખ શ્રી ચેતનભાઈ નાગડા સાથે પધારેલા સભ્યોનું અને સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોમાયા વચ્ચે પરસ્પર બહુમાન કરી સંઘ દ્વારા રૂપિયા દશનુ (૧૦) સંઘ પૂજન કરવામાં આવ્યું હતુ.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ દ્વારા સંપૂર્ણ યાત્રામાં સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારના બહેન શ્રીમતી તારાબેન લલીત મોતાનુ (સુથરી - નાશિક) બહુમાન કરવામાં આવ્યું હતું.

સંઘ દ્વારા બપોરનું સ્વાદિષ્ટ ગરમાગરમ પ્રીતિ ભોજન લઈ બસ દ્વારા દેવલાલી પહોંચી શ્રી અનંત આરોગ્યનિધી સંકુલના જિનાલયમાં શ્રી વિમલનાથ દાદાના દર્શન તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી જય દર્શિતાજી મહારાજ સાહેબને વંદન કરી

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા વડીલો માટે બે દિવસીય આધ્યાત્મિક યાત્રા પ્રવાસ યોજાયો





પ્રાસંગિક પ્રવચન સાંભળવાનો લાભ મળ્યો. સંઘ દ્વારા મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મોતાનું બહુમાન કરી રૂપિયા દશનુ (૧૦) સંઘ પૂજન કરવામાં આવ્યું. ત્યાથી બસ દ્વારા પાનબાઈ ધર્મશાળાના જિનાલયમાં શ્રીસંભવનાથ દાદાના દર્શન, ચા-કોફીનો લાભ લઈ સામે આવેલા મુખ્ય આકર્ષણ શ્રી કલાપૂર્ણ ધામના વિશાળ ભવ્યાતિભવ્ય, બેનમૂન કલાકારીથી શોભતા શ્રી અષ્ટાપદ તીર્થમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ દાદાના દર્શન કરી શ્રી અચલગચ્છીય જિનાલયમાં શ્રી શાંતિનાથ દાદાના દર્શન તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબને વંદન કરી પ્રાસંગિક પ્રવચન સાંભળવાનો લાભ મળ્યો. દેવલાલી સંઘના શ્રી ચંદ્રકાન્તભાઈ નાગડા, શ્રી પદમભાઈ મોતા, શ્રી પરેશભાઈ ધરમશી તેમજ શ્રી વિનેશ મોમાયા સતત સાથે રહ્યા. દેવલાલી કેસર ધર્મશાળામાં ચોવીયારની સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી દેવલાલી નાશિક જૈન સેવાભાવી સંઘ દ્વારા રૂપિયા દશનુ (૧૦) સંઘ પૂજન કરવામાં આવ્યું. ચૌવિયાર કરી બાજુમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દર્શન,આરતી સહ મંગલ દિપક કરી પ.પૂ.સાધ્વી શ્રી યશમાલાશ્રીજી મહારાજ સાહેબને વંદન કરી માંગલિક સાંભળી ડોંબિવલી તરફ શુભ પ્રસ્થાન કર્યું હતું.

આ સમગ્ર યાત્રાની સફળતામાં સંઘમાતા માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા (સાંયરા ઉજ્જૈન) સહપરિવારનો વિશેષ સહયોગ રહ્યો. બંને દિવસની નવકારશી, બપોરના સાધર્મિક ભોજન, ચા, કોફી તથા ચોવીયારના તેઓ મુખ્ય લાભાર્થી રહ્યા હતા. એમની આ ઉદાર સેવાભાવ માટે મંડળ હૃદયપૂર્વક અનુમોદના અને અભિવંદના કરે છે.

બસમાં પીવાનું પાણી અને સૂકા નાસ્તા પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૬૬ યાત્રિકો અને બે ડ્રાઇવર દરેકનું રૂપિયા (૨૨૦) બસો વીશનુ સંઘ પૂજન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી સિનિયર સિટીઝન કાર્યક્રમના કન્વીનર શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા (સાંયરા) અને શ્રી સાગર ચંદ્રકાન્ત ખોના(રંગપુર) એ ખૂબજ સરસ રીતે આયોજન સંભાળ્યું. મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોતા, ઉપપ્રમુખ શ્રી ચેતનભાઈ નાગડા, સહખજાનચી શ્રી અમિતભાઈ ખોના, તથા સભ્યો શ્રી કલ્પેશભાઈ દંડ, શ્રી ધવલભાઈ પોલડિયા, શ્રી ધીરેનભાઈ સોની અને શ્રીમતી જીજ્ઞાબેન છેડાએ યાત્રામાં જોડાઈ વડીલો માટે સેવાઓ પૂરી પાડી હતી. મંડળના સૌ સભ્યોના સહિયારા શિસ્ત, સહયોગ અને સેવાભાવથી આ બે દિવસીય યાત્રા દરેક યાત્રિકો માટે સુખદ અને યાદગાર બની રહી. રવિવાર, તા. ૦૭ ડિસેમ્બર રાતના ૧૦.૦૮ કલાકે પોતપોતાના સ્વીટ હોમ પહોંચી ગયા. યાત્રા પ્રવાસ દરમ્યાન કાંઈ પણ ભૂલ-ચૂક થઈ હોય તો અંતઃકરણ પૂર્વક મિચ્છામી દુક્કડમ્.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી સિનિયર સિટીઝન કાર્યક્રમના કન્વીનર શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા (સાંયરા).

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ – ૩૭૦૪૯૦)

## નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા.૧૧ મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ **બપોરે ૨.૩૦ કલાકે જૈનમ હોલ, ફર્સ્ટ ફ્લોર, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૭૮** મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજન ના સર્વે સભ્યો ને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા-કાર્યસૂચી :**

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૦૧-૨૦૨૫ ની મિનિટસનું વાંચન, તથા બહાલી.

૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ.

૩) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટ ની રજુઆત તથા બહાલી.

૪) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે ઓડીટર ની નિમણૂક.

૫) વરાડીયામાં સન ૨૦૨૬મા સાધુ-સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ, જિનાલયના ૧૨૪ મા ધ્વજારોહણ તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય તથા શ્રી ચિતામણી પાર્શ્વનાથ જિનાલયની ૧૨૫ મી સવા શતાબ્દી ધ્વજારોહણ પ્રસંગની શાનદાર ઉજવણી માટે ચર્ચા તથા મહોત્સવ સમિતિનું ગઠન.

૬) ભોજન શાળાના નવા કોન્ટ્રાકટરની નિમણુંકની જાણકારી

૭) શ્રી વરાડીયા મુકામે નૂતન અતિથી ગૃહના નિર્માણમાં થયેલ પ્રગતિ, નોંધાવેલ ડોનેશન, થયેલ/થનારા ખર્ચ બાબત ચર્ચા વિચારણા.

૮) જુની આયંબીલવાડી તથા શા પદમશી કાનજી મોમાયા પરીવાર અને માતૃશ્રી રતનબાઈ રાઘવજી કાનજી મોમાયા પરીવારે અર્પણ કરેલ જગ્યા ઉપર સ્ટાફ ક્વાર્ટર્સ અને/અથવા આવાસ યોજના સાકાર કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય.

૯) પ્રમુખશ્રી ની સંમતિથી અન્ય કાર્યવાહી.

**નોંધઃ**

૧) વર્ષ ૨૦૨૪-૨૫ ના ઓડીટેડ હિંસાબો તા. ૦૫ થી ૦૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ક. સુધી ટ્રસ્ટી-ખજાનચી શ્રી દીપક ગંગાજર શાહ (ડાઘા)ના નિવાસસ્થાન (એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦) ખાતે તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.

૨) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.

૩) એજન્ડાને લગતા/શિવાયના સવાલો કે સુચનો મિટિંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા.

૪) સભા બાદ સ્નેહ મિલનનું આયોજન છે.

લી.

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ** વતિ

**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી) - ૯૩૨૨૮ ૨૭૦૮૫/૭૯૭૭૨ ૬૮૫૭૮**

તા. ૧૧.૧૨.૨૦૨૫, મુંબઈ

---

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ – ૩૭૦૪૯૦)

## શ્રી વરાડીયા જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા “સ્નેહ મિલન” નુ આયોજન.. તા.૧૧-૧-૨૦૨૬

ગત તા.૨૨-૦૬-૨૦૨૫ ના આયોજિત સ્નેહ મિલનમાં નુતન અતિથિગૃહના બાંધકામ માટે વરાડીયા મહાજનને આપ સર્વેના બહોળા સાથ સહકારને કારણે આપણાં નુતન અતિથિગૃહનું બાંધકામ પૂરજોશમાં નિયત ટાઇમ ફ્રેમ મુજબ ચાલી રહ્યું છે. દાતાશ્રીઓની રકમ આપવાની પણ શરૂઆત થઈ ચૂકી છે. માર્ચ ૨૦૨૭ સુધી રેડી થવાની સંભાવના છે.

સન ૨૦૨૭ માં ચાતુર્માસ દરમ્યાન આપણાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૨૫ મુ સવા શતાબ્દી ધ્વજારોહણ મહોત્સવ રંગે ચંગે ઉજવવાનું છે.

સ્નેહ મિલનમાં આ અંગે હાલની પ્રગતિ સહ માહિતી આપશું. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ હશે.

**તા. ૧૧-૦૧-૨૦૨૬, રવિવાર, બપોરે ૫.૦૦ ક. થી (વાર્ષિક સામાન્ય સભા બાદ) જૈનમ હોલ, ભાંડુપ આયોજિત સ્નેહ મિલન**માં વરાડીયાના ક.દ.ઓ. વતનીઓને સપરિવાર તથા વરાડીયાની પરિણિત નિયાણી બહેનોને સજોડે પધારવા વરાડીયા દેરાસર મહાજન ટ્રસ્ટનુ ભાવભર્યું નિમંત્રણ છે.

સ્નેહમિલનમાં ઉપસ્થિત સર્વે ભાઈઓ-બહેનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વે કલાકારો માટે સાંજે ચોવિહાર સહિત ભોજનની વ્યવસ્થા છે.

લી.


**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ** વતિ

**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી)**

**૯૩૨૨૮ ૨૭૦૮૫ / ૭૯૭૭૨ ૬૮૫૭૮**

# સંજીવની કેસ નં.૨૧૩ માટે જરૂરી રૂા.૯.૩૫ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિગ શરૂ છે

કચ્છ નલિયા હાલે ગદગ (કર્ણાટક) રહેતા ૫૪ વર્ષીય શ્રીમતી શિલ્પા ગિરીશ નાગડાને વિપરીત તબીબી સ્થિતિને લીધે હુબલીની એસડીએમ નારાયણ હાર્ટ હોસ્પિટલમાં ઈમર્જન્સીમાં દાખલ કરાયા છે. તેઓએ એ ઓર્ટિક વાલ્વના ચેપી એન્ડોકાડિટિસ ગંભીર એઓર્ટિક રિગર્ગિટેશન, છિદ્રીત અગ્રવર્તી મિત્રલ પત્રિકા સાથે મોટા એઓર્ટિક વાલ્વ વનસ્પતિથી પીડિત છે. તેઓનું LVEF માત્ર ૫૫% જેટલું છે. વધુમાં તેઓ અલ્સેરેટિવ કોલાઈટિસથી પીડાય છે.




તેઓને તબીબ તરફથી સલાહ અપાઈ છે કે જૈવિક વાલ્વ સર્જરી કરી ડબલ વાલ્વ રિપ્લેસમેન્ટ કરવું જરૂરી છે. તેણીને શરૂઆતે ગદગ હોસ્પિટલમાં દાખલ કરાયેલ હતાં પણ સર્જરી અને સુયોગ્ય સારવાર દવા મળી રહે છે કાજે તેઓને હુબલી હોસ્પિટલમાં સ્થળાંતર કરવાની ભલામણ કરાઈ હતી.

ગૃહિણી એવા તેઓ પતિ સાથે રહે છે. બન્ને પુત્રીઓ પરિણીત છે. પતિ ગદગમાં ફ્રીલાન્સ ફોટોગ્રાફર છે અને લઘુતમ કમાણી કરે છે. પરિવારનો કોઈ મેડિક્લેમ કે વીમો નથી. સર્જરી સારવાર માટે અંદાજિત ખર્ચ રૂા.૯.૩૫ લાખ નો અપાયો છે.

વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલા નાગડા દંપતીએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના પાસે આશાભેર અરજી મૂકી. જેનો અભ્યાસ કરી જરૂરી રકમ રૂા.૯.૩૫ લાખ જમા કરવા માટે હાલે ક્રાઉડ ફંડિગ ઓપન કરાયું છે.

ઉદારજનો જ્ઞાતિ પરિવારની પીડા સમજી પરોપકાર ધર્મ બજાવે અને પોતાની માનવતાભરી ફરજ સમજી ક્રાઉડ ફંડિગ સમયસર છલોછળ કરી દે એ આશા રાખીએ છીએ. જેથી સહાય રકમ શિલ્પાબેન નાગડાને વહેલાસર પહોંચાડી શકીએ. આપણે આશા રાખીએ શિલ્પાબેન સુયોગ્ય સારવાર પ્રાપ્ત કરી જલ્દી સ્વસ્થ થઈ પુનઃ તેમના ગદગ નિવાસસ્થાને સુખરૂપ પરત પહોંચે તેમના સ્વસ્થ નિરામયની પ્રાર્થના કરીએ છીએ.

# સંજીવની કેસ નં.૨૧૨ માટે જરૂરી ભંડોળ રૂા.૫ લાખ ક્રાઉડ ફંડિગની માધ્યમથી ગણતરીના સમય દરમ્યાન જમા થઈ ગયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 212

**DONATION CLOSED**

## Mrs JAYABEN RATANSHI DHARAMSHI

Age 64 Yrs., Dombivali, Kutch - Sandhan

**Hospitalised due to Congestive Cardiac Failure, COPD, Hypertension, Diabetes Mellitus, Coronary Artey Disease.**



**DONATION CLOSED**
**Rs 5 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

સાંધાણ-ડોંબિવલીના ૬૪ વર્ષીય શ્રીમતી જયાબેન રતનશી ધરમશીને થાક, શ્વાસ લેવામાં તકલીફ-કન્જેસ્ટિવ કાર્ડિયાક ફેલ્યોર પરિસ્થિતિ વશ તાત્કાલિકપણે હોસ્પિટલાઈઝ કરવા પડ્યા તેઓને હાઈપરટેન્શન ડાયાબિટિસ મેલીટસ સાથે કોરોનરી ધમનીની વ્યાધિ છે. તેમજ ક્રોનિક અવરોધક પલ્મોનરી રોગ પણ છે. ડૉક્ટરો દ્વારા સર્જરી-સારવાર માટે રૂા.૫ લાખ રકમ અંદાજિત થશે નો ખ્યાલ અપાયો છે.

દર્દી પોતે પુત્ર-પુત્રવધૂ અને પૌત્રના પરિવાર સાથે રહે છે. તેઓ મસ્જિદ બંદરમાં કેડીઓ ગૃહઉદ્યોગમાં અગાઉ કામ કરેલ છે. પુત્ર ચાર-પાંચ મહિનાથી બેરોજગાર છે. જે વાશીમાં કમલ ટ્રાન્સપોર્ટ રોડવેઝમાં કામે હતો. પુત્રવધૂ ગૃહિણી છે અને પૌત્ર ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. પરિવારનો કોઈ વીમો નથી આ પરિસ્થિતિમાં ઈલાજ ખર્ચનું ભારણ આવી પડ્યું. જેનાથી ઉગરવા પરિવારએ મેડિકલ સમિતિની સમક્ષ સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી. તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી ભંડોળ જમા કરવા ક્રાઉડ ફંડિગ ખૂલ્લુ કરાવ્યું.

જણાવતા ખુશી થાય છે કે સંજીવની કેસ નં.૨૧૨ માટે ક્રાઉડ ફંડિગ જમા કરવા માટે અપીલ કરાઈ તેની સાથે જ જ્ઞાતિના ઉદારજનોએ પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી તરીકે સ્થાન આપવા પરવશતામાં મૂકાયેલ જ્ઞાતિ પરિવારને હાથ અને સાથ આપવા આગળ આવી નોંધપાત્ર સમયગાળામાં જ સંજીવનીનો કોષ-કળશ છલોછલ કરી દીધો.

જયાબેન ધરમશીની પીડાને પોતાની ગણી આગળ આવનાર સૌ વ્યક્તિગત દાતાઓ ટ્રસ્ટ, મહાજન, મંડળ, એકમો, સંસ્થાઓની ભરપૂર અનુમોદના સાથે આવો આત્મીય ભાવ પરોપકારી લાગણી પરમાર્થ ભાવ જ્ઞાતિજનો તરફ રાખજો એવો વિશ્વાસ છે સૌને શત શત વંદન.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૧૩/૨૦/૨૭ ડીસેમ્બર ૨૦૨૫ | શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના અનંત ડાયગ્નોસ્ટિક, મુલુંડમાં હોમિયોપેથીક કેમ્પ. સાંજે ૫.૩૦ થી ૮.૩૦ ક. રજી. ફરજિયાત - ૮૮૭૯૯૯૦૯૮૭ |
| તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ આયોજિત કેડીઓ તરંગ ૨.૦ સ્ટેચ્યુ ઓફ યુનીટી, ગુજરાત. |
| તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુન્થુનાથ જિનાલય, રાયપુર ૨૫ મુ રજત જયંતી ધ્વજારોહણ મહોત્સવ શ્રી છતીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર. |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | નલિયા-ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રીજી પીરને નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના ભાવિકો ની પહેડી. સવારના ૮:૩૦ કલાકેથી હોરીઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત રમતોત્સવ-૫.૦ બપોરે ૩.૦૦ ક. થી કાલિદાસ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, મુલુંડ. |
| તા. ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠમ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલીના પરિસરમાં રહેતા સભ્યો માટે માથેરાન પ્રવાસ બપોરના ૨.૦૦ ક. ટ્રેનથી શુભ પ્રસ્થાન. |

# પ.પૂ.સાધ્વીશ્રી જય પ્રજ્ઞાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૩૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ રાપર ગઢવાળીના માવિત્ર માતુશ્રી સોનબાઈ લખમશી દામજી લોડાયાના ધર્મ ભક્તિ ગુણથી સંસ્કારી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૪૫ માગસર વદ ૩ તિથિ દિને માટુંગા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે આત્મમોક્ષ માર્ગે વિચરણ કરવાના નિર્ધાર સાથે દીક્ષાગ્રહણ કરીને ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા. નામ સાથે સંયમ જીવન પથ પર વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં અને કરાવતાં અને અનેક ભાવિકજન ભાઈ બહેનો જિન ધર્મ કલ્યાણ માર્ગે દોરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના માગસર વદ તિથિ ૩ દિને પૂજ્ય સાહેબ સંયમજીવનના ૩૭ વર્ષ સુખ શાતા સાથે પૂર્ણ કરીને ૩૮ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુકન મંગલ દિને ગુરૂ ભક્તોની કામના સાથે શુભ ભાવના છે કે સાહેબજી સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતાં રહી સુવર્ણ, હીરક ને અમૃત વર્ષથી આગળ સર્વોચ્ચ એવા શતક શિખરે બિરાજમાન થાય. શત શત અભિનંદન સહ શત શત વંદન.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રતનબેન મોતા**
તા.૭ ડિસેમ્બર (ઉ.૭૦)
નલિયા



**મનોરમાબેન મોમાયા**
તા.૧૧ ડિસેમ્બર (ઉ.૬૬)
નલિયા-ઘાટકોપર



**દર્શનાબેન લોડાયા**
તા.૮ ડિસેમ્બર (ઉ.૭૫)
મોટી ખાવડી-મસ્જિદ




**દમયંતીબેન દંડ**
તા.૯ ડિસેમ્બર (ઉ.૭૯)
વરાડીયા-ઘાટકોપર



**વિજયભાઈ લોડાયા**
તા.૧૨ ડિસેમ્બર (ઉ.૬૦)
સાંયરા-મુલુંડ



**ઝવેરચંદભાઈ લોડાયા**
તા.૧૩ ડિસેમ્બર (ઉ.૭૭)
સાંયરા-ડોંબિવલી



**યોગેશભાઈ ખોના**
તા.૧૩ ડિસેમ્બર (ઉ.૫૪)
મોટી ખાવડી-વિક્રોલી



**જયંતભાઈ ધુલ્લા**
તા.૧૩ ડિસેમ્બર (ઉ.૬૪)
સુથરી-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છની પ્રથમ મહાનગરપાલિકાનો દરજ્જો પાત્ર ગાંધીધામના પ્રવેશ દ્વાર એવા સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલથી લઈને ગાંધી માર્કેટ સુધી દબાણો દૂર કરીને બજારને આઈકોનિક ટચ આપવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. તે માટેની ડિઝાઈન પણ તૈયાર કરી લેવાઈ છે. પાંચ કરોડના ખર્ચે બંને સાઈડથી આશરે બે કિલોમીટર જેટલી પેવર બ્લોક ફૂટપાથ, ટૂ વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા આઈકોનિક સ્ટ્રીટ લાઈટિંગ, સુવ્યવસ્થિત ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ, પાણી નિકાલની વ્યવસ્થા માટે વરસાદી નાળા સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

● અબડાસા તાલુકાના નુંધાતડ ગામની પ્રાથમિક શાળામાં ભણીને કચ્છમાં પ્રથમ આઈ.પી.એસ.બનેલા યુવાન હિતેશ હંસરાજ વેલજી જોઈસર-ભાનુશાલીને રાજ્યના પોલીસ વિભાગે બઢતી આપી. ડી.આઈ.જી બનાવવા ભાનુશાલી સમાજમાં ગૌરવની લાગણી અનુભવી છે. પિતાજી ખેતીકામ કરે છે. એવા ખેડૂત પુત્રે માત્ર ૪૦ વર્ષે કચ્છના ડી. આઈ.જી.બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. સુરત ગ્રામ્ય પોલીસ વડા બન્યા અગાઉ જામનગરમાં તાલીમ આઈ.પી.એસ.ની જવાબદારી, અંકલેશ્વરમાં એ.એસ.પી. પછી વડોદરા અને સોમનાથ એસ.પી.તરીકે સ્વતંત્ર પદભાર સંભાળ્યા બાદ દાહોદ અને સુરતમાં તેઓ ફરજ બજાવી ચૂક્યા છે.

● ચાલીસ વર્ષથી અતૂટ માતાના મઢ પદયાત્રા કરી જવાનું અને પરત પદયાત્રા કરી રિર્ટન થવું એવું કડક નિયમ પાળનાર માંડવીના ખારવા ભગવાનજી માવજી શિયાળવાળા ૬૩ વર્ષની ઉંમરે પણ માતાની ઉપર અતૂટ શ્રધ્ધા સાથે ત્રણથી સવાત્રણ દિવસમાં લગભગ ૭૫ થી ૮૦ કલાક દરમ્યાન માર્ગ કાપે છે. હાથમાં ભારતીય રાષ્ટ્રીય ધ્વજ, બે જોડી કપડાં, ટૂથબ્રશ, પાવર વેડ, સ્પીકર વિગેરે તેઓ સાથે રાખે. તેઓ અગાઉ વહાણમાં હતા પછી કલરકામ, બેન્ડ પાર્ટી માં જોડાયેલા છે.

● કચ્છમાં બાળ સ્વાસ્થ્યની નાના પાયે શરૂઆત કરીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચેલા ગાંધીધામના બાળરોગ નિષ્ણાત તબીબ ડૉ. નવીન ઠક્કરને બિલ ગેટસ ફાઉન્ડેશન દ્વારા વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ગોલકીપર એવોર્ડ એનાયત થયો. વિશ્વમાં બાળ મૃત્યુ દર ઘટાડવા માટે જાગૃતિ લાવવાના હેતુ સાથે ન્યૂયોર્ક સિટી ખાતે યોજાયેલ સમારોહમાં ગાંધીધામ દીપ ચિલ્ડ્રન હોસ્પિટલના ડાયરેક્ટર અને ઈન્ટરનેશનલ પીડિયાટ્રિક એસોસિએશનના  એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરે ડૉ. નવીન ઠક્કરને સન્માનિત કરાયા.

● નખત્રાણા તાલુકાનું ખીરસરા (રોહા) ગામે પી.એમ. સૂર્યઘરનું લોકાપર્ણ સાંસદ વિનોદભાઈ ચાવડાના હસ્તે લોકાપર્ણ કરાયું. આ સાથે સદર ગામ પશ્ચિમ કચ્છનું ૧૦૦ ટકા સોલાર રૂફવાળુ પ્રથમ ગામ બન્યું છે. રોહા પંથકનું ખીરસરા ગામ ખેતીના અવનવા પ્રયોગો માટે જાણીતું છે. અહીંની કેસર કેરી ખૂબ વખણાય છે. બાગાયતી ખેતીમાં ખીરસરાનો ડંકો ચોમેર વાગે છે. ડ્રીપ ખેતીનું પદાપર્ણ પણ ખીરસરા ગામેથી થયું છે.

● વ્યાપાર, ઉદ્યોગ, પ્રવાસન અને બંદરોના પરિવહનના કારણે રાત દિવસ ટ્રાફિકથી ધમધમતા કચ્છના વિવિધ ધોરી માર્ગો ઉપર સતત ટ્રાફિક જામ અને અકસ્માતની સમસ્યા વચ્ચે આખરે રાજ્ય સરકારે ભુજ તાલુકાના સુખપરથી શેખપીર વચ્ચે બાયપાસ બનાવવા ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલની અસરકારક રજૂઆતને પગલે આખરે સૈધ્ધાંતિક મંજૂરી આપી છે. જિલ્લા મથક ભુજ ચારે દિશામાં વિસ્તર્યુ અને તેને પરિણામે ટ્રાફિકની સમસ્યા પણ વકરી છે. આના ઉકેલ રૂપે આ બાયપાસનું નિર્માણ થતાં ભુજ શહેર, સુખપર, મિરજાપર, માધાપર, ભુજોડી ગામોના નાના મોટા વાહનોની રોજિંદી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે.


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
STAMP FRANKING
Now Available
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
*8.49% (p.a.)
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank